કાર્યપાલક ઈજનેર
ડ્રેનેજ વિભાગ
સુરત મહાનગરપાલિકા

ડીએનજી/આઉટ/નં. ૨૩૩૯
તા. ૩૧/૦૮ /૨૦૨૪

પ્રતિ,

....................................................
....................................................
....................................................
....................................................

**વિષય :–** સુરત મહાનગર પાલિકા હસ્તકનાં ડ્રેનેજ ખાતાના પાલ કંડમ સ્ટોર ખાતે જમા કરાવેલ બિનવપરાશી/કંડમ મટીરીયલની અપસેટ વેલ્યુ નકકી કરવા.

**મહાશય,**

ઉપરોકત વિષયનાં અનુસંધાને જણાવવાનું કે,સુરત મહાનગરપાલિકાનાં પાલ પંપીગ સ્ટેશન ખાતેનાં કમ્પાઉન્ડમાં આવેલ પાલ કંડમ સ્ટોરમાં જમા કરવામાં આવતા બિનવપરાશી કંડમ સામાન જેવા કે, સળિયાઓ,વાલ્વ,પાઈપ, એમ.એસ. મટીરીયલ્સ, સી.આઈ. મટીરીયલ્સ, પંપ–મોટર સેટ, ડી.જી. સેટ,કોપર મટીરીયલ્સ, કેબલ, પેનલ, પેનલનો પરચુરણ સામાન વિગેરે કંડમ કરાવવા જોગ હોય તેનો સર્વે કરી વેલ્યુએશન નકકી કરવા માટેના ભાવો **તા.૧૦/૦૯/૨૦૨૪** સુધીમાં સીલ બંધ કવરમાં **"ચીફ એકાઉન્ટન્ટશ્રી,એકાઉન્ટ વિભાગ, મુગલીસરા, સુરત મહાનગરપાલિકા "** પ્રતિ મોકલી આપવા પ્રબંધ કરશો.

| **અનુ.નં** | **વિગત** | **ભાવ** |
|---|---|---|
| ૧ | પાલ કંડમ સ્ટોર ખાતે જમા કરવામાં આવેલ બિનવપરાશી કંડમ મીકેનીકલ આઈટમો જેવા કે, સળિયાઓ,વાલ્વ,પાઈપો, એમ.એસ. મટીરીયલ્સ, સી.આઈ. મટીરીયલ્સ, પંપ સેટ, ડી.જી. સેટ વિગેરે કંડમ કરી તેની અપસેટ વેલ્યુ નકકી કરવા માટેનાં ભાવ. | રૂા.................... |
| ૨ | પાલ કંડમ સ્ટોર ખાતે જમાં કરેલ બિનવપરાશી કંડમ ઈલેકટ્રીકલ આઈટમો જેમાં મોટર, કોપર મટીરીયલ્સ, બસબાર, કેબલ, પેનલ, પેનલનો પરચુરણ સામાન કંડમ કરી તેની અપસેટ વેલ્યુ નકકી કરવા માટેનાં ભાવ. | રૂા.................... |
| | કુલ રૂા. | |
| | કુલ રૂા.( શબ્દોમાં) | |

**<u>જનરલ ટર્મ્સ એન્ડ કન્ડીશન :</u>**

૧. ભાવ પત્રકના ભાવો ભાવપત્રક ખોલ્યાની તારીખથી દિન–૧૨૦ માટે બંધન કર્તા રહેશે.

૨. ભાવપત્રક ખોલ્યા બાદ ભાવ બાબતે કોઈપણ પ્રકારનું નેગોશીએશન કરવામાં આવશે નહી.

૩.કોઈપણ પ્રકારનું શરતી ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહી.

૪.ભાવ જીએસટી સિવાય તથા તમામ વેરા / ડયુટી ,ટ્રાન્સપોર્ટેશન વિગેરે સહિતના આપવાના રહેશે.

ડ્રેનેજ વિભાગ, સુરત મહાનગરપાલિકા,
જુની વેસ્ટ ઝોન ઓફિસ,
તાડવાડી,રાંદેર રોડ,
સુરત – ૩૯૫ ૦૦૯

☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
(૨૬૧) ૨૪૫ ૧૯૩૫, ૨૪૨ ૨૧૧૦
xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

૫. ભાવપત્રક આપતા પહેલા ઈજારદારે સ્થળ તપાસ કરી/કરવાની કામની સંપુર્ણ માહિતી લઈ સ્થળ પરિસ્થિતિ જોઈ ચકાસી ભાવ જીએસટી સિવાય તથા તમામ લાગુ પડતા ટેક્ષ સહિતના આપવાના રહેશે.

૬.૧ લી જુલાઈ ૨૦૧૭ થી ભારત સરકાર ધ્વારા અમલમાં મુકવામાં આવેલ જીએસટી (ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ) કરાર ની શરતો મુજબ કોન્ટ્રાકટ દરમ્યાન સુચિત ચુકવવા જોગ રકમ કોન્ટ્રાકટ / સફળ બીડર ભરવા બંધાયેલ છે.

૭.કોન્ટ્રાકટનાં સમયગાળા દરમ્યાન સરકારમાં GSTની રકમ ભરવાની સઘળી જવાબદારી સફળ બીડર /કોન્ટ્રાકટરની રહે છે. જો તેમ કરવામાં ચુક થશે તો તેઓને ચુકવવામાં આવનાર કોઈપણ રકમમાંથી મહાનગર પાલિકા તે વસુલ લઈ શકશે અને જે અંગે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને કોન્ટ્રાકટર/ બીડર ને બંધન કર્તા રહેશે.જેની નોંધ લેશો.

૮. વધુમાં GSTની રકમ સરકારમાં જમાં નહી કરાવવાથી કોન્ટ્રાકટ રદ થઈ શકે છે અને સીકયોરીટી ડીપોઝીટ પરફોર્મન્સ ગેરેન્ટી ની રકમ જપ્ત થઈ શકે છે.

૯. કોન્ટ્રાકટ સમય દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ /ડયુટી/લેવીસ/સેસ અથવા અન્ય કોઈ ઈન્સીડેન્ટલ વિ. (GST સિવાય)લાદવામાં આવે તો તે સફળ કોન્ટ્રાકટર/બીડરે ભોગવવના રહેશે.સદર બાબતે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

૧૦.ઈજારો મેળવાનાર ઈજારદારે વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૫ (પંદર) માં કરારનામા માટે રૂ.૩૦૦/– અન્ડરટેકીંગ , કોન્ટ્રાકટ એગ્રીમેન્ટ માટે રૂ.૩૦૦/–, જામીનગીરી આપવા માટે ૩૦૦/– ની કિંમતનો ગુજરાત રાજય નોન જયુડીસીયલ સુરતનો સ્ટેમ્પ પેપર રજુ કરી કરારનામું કરવાનું રહેશે તેમજ કુલ વર્કઓર્ડરની રકમના ૨.૫% પ્રમાણે સીકયોરીટી ડિપોઝીટના રોકડા/ડીમાન્ડ ડ્રાફટ (રાષ્ટ્રીયકૃત બેંક)/ પે– ઓર્ડરથી જમા કરાવવાના રહેશે. ઉપરોકત સીકયુરીટી ડીપોઝીટની રકમ વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૫ (પંદર) માં જમા ન થશે તો જેટલા દિવસ વિલંબ થશે તે તમામ દિવસ માટે સિકયોરીટી ડીપોઝીટના ૦.૦૬૫% પ્રતિ દિન લેખે પેનલ્ટી તરીકે વસુલ લેવામાં આવશે.

૧૧. એડવાન્સ બીલ નું ચૂકવણું કરવામાં આવશે નહી.

૧૨. કોઈ પણ ભાવપત્રક સ્વીકારનો કે કોઈ પણ અથવા બધા ભાવપત્રક રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાના સમક્ષ સત્તાધીશનો રહેશે. જે અંગે કોઈ પણ કારણ દર્શાવવામાં આવશે નહી.

૧૩. કામ અંગેના કોઈપણ તકરારી મુદદામાં મ્યુ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૪. ઈજારદાર પાસે જીએસટી રજીસ્ટ્રેશન નંબર હોવો ફરજિયાત છે.

૧૫. ભાવપત્રક સાથે બીડરે ગર્વમેન્ટ એપ્રુવ્ડ વેલ્યુઅર હોવાના સર્ટીફિકેટની નકલ સામેલ કરવાની રહેશે અન્યથા ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહિ.

–સહી–

**કાર્યપાલક ઈજનેર**
**ડ્રેનેજ વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

ડ્રેનેજ વિભાગ, સુરત મહાનગરપાલિકા,
જુની વેસ્ટ ઝોન ઓફિસ,
તાડવાડી,રાંદેર રોડ,
સુરત – ૩૯૫ ૦૦૯

☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
🖷 (૨૬૧) ૨૪૫ ૧૯૩૫, ૨૪૨ ૨૧૧૦
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in